# ગુજરાત જાહેર સેવા આયોગ

## ◆અગત્યની જાહેરાત◆

**નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ–૩ (જાહેરાત ક્રમાંક: ૨૦/૨૦૧૯-૨૦) ની પ્રિલિમિનરી પરીક્ષા**

આયોગ દ્વારા નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ–૩ (જાહેરાત ક્રમાંક: ૨૦/૨૦૧૯-૨૦) ની પ્રિલિમિનરી પરીક્ષા તારીખ-૦૮/૧૨/૨૦૧૯ ના રોજ રાજ્યના ૩૨ જિલ્લામાં, ૯૨૦ પેટા કેંદ્રો ખાતે સવારના ૧૧:૦૦ થી ૦૧:૦૦ દરમિયાન યોજવામાં આવનાર છે. પ્રિલિમિનરી પરીક્ષાની રૂપરેખા નીચે મુજબ છે.

| ક્રમ | પરીક્ષાનો પ્રકાર | પ્રશ્નપત્રનું નામ | સમય | પ્રશ્નોની સંખ્યા | કુલ ફાળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| ૧ | હેતુલક્ષી | સામાન્ય અભ્યાસ | ૧૧:૦૦ થી ૦૧:૦૦ (બે કલાક) | ૨૦૦ | ૨૦૦ |

❖ પરીક્ષા આપનાર ઉમેદવારોને નીચે મુજબ વિશેષ સૂચનાઓ આપવામાં આવે છે. ❖

૧. પરીક્ષા શરૂ થવાના અડધા કલાક પહેલા એટલે કે સવારે ૧૦.૩૦ કલાકે ઉમેદવારોને પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે. ઉમેદવારોએ સમય મર્યાદામા જ પરીક્ષા ખંડમાં બેસી જવુ. ઉમેદવારે પોતાના જ બેઠક નંબર (Roll No) ઉપર સ્થાન લેવું. પ્રવેશ-પત્ર (Call-letter) તા. ૦૮/૧૨/૨૦૧૯ ના રોજ સવારના ૧૧.૦૦ કલાક સુધી જ ડાઉનલોડ થઈ શકશે. ત્યારબાદ કોઈ ઉમેદવાર પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહી.

૨. ઉમેદવારે પ્રવેશ-પત્ર અને લખાણ માટે પેન સિવાય અન્ય કોઇ પણ ચીજ વસ્તુ જેવી કે મોબાઇલ, કેલ્ક્યુલેટર કે અન્ય કોઇ પણ જાતનું ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટ સાથે રાખવાનું નથી. જો કોઇ ઉમેદવાર ઉપરોક્ત ઉપકરણો સાથે પકડાશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે અને આયોગના નિયમો અનુસાર શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે આયોગ દ્વારા લેવાનાર ભવિષ્યના ભરતી પ્રસંગો માટે પણ ગેરલાયક ઠેરવવામાં આવશે.

3. ઉમેદવારને એક પ્રશ્નપત્ર માટે એક જ જવાબવહી **(OMR)** આપવામાં આવશે. જવાબવહી પર પ્રિન્ટ થયેલ નંબર અને ઉમેદવારનો બેઠક નંબર સમાન છે, તે ઉમેદવારે ચકાસી લેવું. પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારે ઇન્વીજીલેટર દ્વારા અપાતી સૂચનાનું કાળજીપૂર્વક પાલન કરવું. OMR શીટ મળ્યા બાદ તેનો ચીવટથી અભ્યાસ કરવો અને પોતાનું નામ, બેઠક નંબર, પ્રશ્નપત્રની સીરીઝ, પરીક્ષા કેંદ્રના શહેરનું નામ, પરીક્ષાની તારીખ, પરીક્ષાનું નામ અને પોતાની જન્મ તારીખ વિગેરે બાબતો સાથે ઉમેદવારે પોતાની સહી કરવી તેમજ ઇન્વીજીલેટરની સહી કરાવવી. જો ઉમેદવારે જવાબવહીમાં સહી નહી કરી હોય તો, તેવી જવાબવહી તપાસવામાં આવશે નહી.

૪. ઉમેદવારે કાળી કે વાદળી બોલપેન (Black or Blue Ball point Pen) થી કાળજીપૂર્વક એનકોડીંગ કરવું. એક વખત કરેલ એનકોડીંગ સુધારી શકાશે નહિ. તે માટે છેકછાક કરવી નહી કે **Whitener** કે **White fluid** કે **Correction ink** જેવી વસ્તુનો ઉપયોગ કરવો નહી. જો કોઇ પણ સંજોગોમાં ઉમેદવાર આવી વસ્તુનો ઉપયોગ કરશે તો તેવા ઉમેદવારની OMR (જવાબવહી) તપાસવામાં આવશે નહી.

૫. ઉમેદવારે જવાબવહીમાં રોલ નંબર કે પ્રશ્નપત્ર પુસ્તિકાની સીરીઝ કે પ્રશ્નપત્ર પુસ્તિકાનો નંબર ખોટો લખેલ હશે કે ખોટો એનકોડ કરેલ હશે તો તે જવાબવહી પણ તપાસવામાં આવશે નહી.

૬. પરીક્ષા શરૂ થયાથી પૂરી થાય ત્યાં સુધી શાંતિથી પરીક્ષા આપવી; કોઇ પણ પ્રકારની ચોરી કે ગેરરીતિ કરવી નહિ; વાતચીત કરવી નહિ કે મેસેજ આપ-લે કરવા નહી.જો તેમ કરતા કોઇ ઉમેદવાર પકડાશે તો સખ્ત પગલાં લેવામાં આવશે. OMR શીટ વાળવી નહિં; કરચલી ન પડે તે ખાસ જોવું. જવાબવહીને પીન, ટાંકણી કે દોરો બાંધવો નહિ. ઉમેદવારે પરીક્ષા પૂર્ણ થયેથી OMR શીટ ઇન્વીજીલેટરને અચૂક જમા કરવાની રહેશે. કોઇ પણ ઉમેદવારને પરીક્ષા પૂર્ણ થાય તે પહેલાં વર્ગ ખંડ છોડવાની પરવાનગી આપવામાં આવશે નહિ. અસાધારણ સંજોગોમાં ઉમેદવારને વર્ગખંડ છોડવાની ફરજ પડે તેવા સંજોગોમાં પ્રશ્નપત્ર સહિત અન્ય પરીક્ષા સાહિત્ય ઇન્વીજીલેટરને પરત જમા કરાવ્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાની પરવાનગી આપવામાં આવશે.

૭. લખાણ શરૂ કરતા પહેલા પ્રશ્નપુસ્તિકા તપાસી લેવી; જો પ્રશ્નપુસ્તિકા ખામીવાળી હોવાની જાણ થાય તો તુરત જ બદલી આપવા ઇન્વીજીલેટરને વિનંતી કરવી. પરીક્ષા પૂરી થયા બાદ ઉમેદવાર પ્રશ્નપત્ર લઇ જઇ શકશે. ઉમેદવારે રફ કામ માટે અલગ રફ શીટ ન માંગવું પરંતુ પ્રશ્નપત્ર માં જ રફ કામ કરવું.

૮. પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી **(Objective)**પ્રકારના છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં **A, B, C, D** એમ ચાર વિકલ્પો આપેલાં છે. જ્યારે **OMR** જવાબવહીમાં **A, B, C, D, E** એમ પાંચ વિકલ્પ છે. **E** વિકલ્પ **"Not attempted"** અંગેનો રહેશે. જે ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઇચ્છતા હોય તેમણે આ **'E'** વિકલ્પ પસંદ કરવાનો રહેશે. અને **"Not attempted "** વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી **(OMR Answer Sheet)** માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ **A, B, C, D** કે **E** ના વર્તુળને પૂરેપૂરું ભૂરી / કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું.

૯. આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એકથી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ મુજબ કાપવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

૧૦. પરીક્ષા સંચાલનના ઉચ્ચ માપદંડોને અનુસરવા તમામ પગલાં લેવામાં આવેલ છે. જેથી કોઇ પણ ઉમેદવારે ઉમેદવારોની લાગણી તથા પ્રક્રિયા અને પધ્ધતિની અને ગોપનિયતાના ધોરણોની સમજણના અભાવે ગેરલાભ ઉઠાવતા લેભાગુ તત્વોની શેહમાં આવ્યા વિના પોતાની મહેનત અને ક્ષમતા આધારે પરીક્ષા આપવા અનુરોધ કરવામાં આવે છે.જો કોઇ તત્વો ઉમેદવોરોને પ્રભાવિત કરી નાણાંની માંગણી કરે તો તે અંગે તાત્કાલિક લાંચ રૂશવત વિરોધી બ્યુરોને જાણ કરવી.

૧૧. સીધી કે આડકતરી રીતે પરીક્ષામાં સફળ થવા ઉમેદવારે કોઇ વગ વાપરવાનો કે ગેરકાયદેસર પ્રયાસ કરવો નહિ. કોઇ ઉમેદવાર, કોઇ પણ પ્રકારની ગેરરીતિ કરતા માલુમ પડશે તો તેને આયોગની ભરતી પરીક્ષામાં ચોક્કસ સમય માટે કે કાયમ માટે ગેરલાયક ઠેરવવા સહિતની દંડનીય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

૧૨. ઉમેદવારોને આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

**ગુજરાત જાહેર સેવા આયોગ તમામ ઉમેદવારોને શુભેચ્છા પાઠવે છે.** તારીખ: ૦૭/૧૨/૨૦૧૯, ૧૨:૩૯

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)